# સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*ક્રૂર-કાયરો નિર્દોષ-કરૂણાને જ કચડી નાખે,*
*આતંક મહંમદના માસૂમો ને જ મચડી નાખે*
*ભચડી નાખે જીવોને કોઈ આશય - ઉદ્દેશ વિના -*
*લે છે એ રાક્ષસી આનંદ, આપણાં હૃદય ચચડી નાખે...*
*(સ્પેન માં આતંક)*

### હાઈકુ

*છે લોલંલોલ!*
*પગે ઠેલે બારણાં -*
*સ્વબચાવમાં...*
*(સ્વાઈન - જવાબદારીનો*
*(તંત્રમાં - ફગોડીયો!)*

*ચીપ્યા કરે ને*
*માર્યા કરે છે કેંચી -*
*ખેલંદા બાપુ -*
*(બાજી ખોલતા નથી*
*(રમે છે જુગાર...)*

## ચિંતન

*માલા તો કરમેં ફિરે, જીભ ફીરે મુખ માંહિ,*
*મન તો ચહુ દિસે ફિરે, યહ તો સુમરન નાહિ.*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**સાસાંરિક પ્રવૃત્તિઓ કરતાં કરતાં પણ ઈશ્વર સ્મરણ કરતાં રહેવાની શીખ આપતા સાથે કબીર એક વાત એ પણ કહે છે કે પ્રભુ સ્મરણ કરવા હાથમાં માળા ફરતી રહે, સારી વાનગીઓની સુગંધ આવતી હોય અને તેની જીભ લલચાય અને મોઢામાં ફર્યા કરે અને અનેક વિચારોથી ઘેરાયલું ચંચળ મન ચારે દિશામાં ભટકતું જ હોય. આ રીતે ઈશ્વર સ્મરણ કરવું મિથ્યા છે અને વ્યર્થ છે. ચંચલ મનને સ્થિર કરી, કાબુમાં રાખી ભગવત્ સ્મરણ કરવું એ જ સુખ અને મોક્ષ પામવાની સાચી રીત છે.**

**ઈશ્વર સ્મરણમાં મન-ચિત્ત અને આત્મા સ્થિર રહેવાં જોઈએ. પછી માળાની જરૂર પણ રહેતી નથી.**

## સુવિચાર

- હું જે કરું છું તેના માટે બીજા શું વિચારે છે એની મને પરવા નથી, પરંતુ હું જે મારા કામ માટે શું વિચારું છું તેની ખૂબ કાળજી રાખું છું. અને તેન જ સાચું ચારિત્ર્ય છે - **રૂઝવેલ્ટ**
- ત્રણ જાતના કાયદાના ભંગ દુનિયામાં ચાલી રહ્યા છે ૧. સામાજિક કાયદાનો ભંગ, ૨. કુદરતના કાયદાને ભંગ, ૩.પ્રભુના કાયદાનો ભંગ - **દાદા ભગવાન**
- એક જ માટીના બનેલા આપણે બધા માણસો એ દયાળુ તેમજ ન્યાયી બનવું જોઈએ - **લોંગ ફેલો**
- ઉપાધિ ઘટાડે, તેનું નામ અક્કલ - **એસ. ભટ્ટાચાર્ય**
- જયાં સુધી બુદ્ધિ છે, ત્યાં સુધી આત્માની અનુભૂતિ કોઈ દિવસ નહીં થાય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જ્ઞાનની એ ખાસિયત છે કે જે એના માટે ખરેખરી તરસ રાખે છે તેઓ એને હંમેશા પ્રાપ્ત કરે છે - **મોન્તેઈન**
- આજનું ઔષધ : રાઈને વાટીને મધ મેળવીને ખાવાથી શરદી મટે છે **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

આત્માના ખજાનાની ભવ્યતામાં ભળી જાય છે તેને જગતનો ખજાનો શૂન્ય લાગે છે. ધર્મનો મર્મ જાણ્યા પછી ધનનો મર્મ તુચ્છ લાગે છે.

એક માણસ સાચા અપરિગ્રહી એવા સંત પાસે આવ્યો. અને કહ્યું, ‘મહારાજ! મારી ગરીબીનો ઉપાય મને કહો તો જ હું અહીંથી જઈશ.’ એવી જીદે ભરાયો. સંત કંટાળીને કહ્યું, મારી ઝુંપડીની પાછળ ગઈ કાલે જ એક પારસમણિ ફેંકી દીધો છે તે તું લઈ લે. તારી ગરીબી ઓછી થશે.’ પેલો તરત જઈને પારસમણિ લઈ આવ્યો. શંકા ગઈ કે નકલી તો નથી ને એટલે લોખંડને અડાડીને જોયું. પારસમણિ નકલી ન હતો. હજી એને શંકા થઈ એટલે વિચારવા લાગ્યો. ‘મહારાજે આ અણમોલ પારસમણિ ને ફેંકી દીધો કેમ? જરૂર આ મણિ કરતાં વધુ કિંમતી ચીજ એમની પાસે હોવી જ જોઈએ. એમ કંઈ મુનિ પારસમણિ ફેંકી દે ખરા??’ પાછો તે મુનિ પાસે આવ્યો. ને કહ્યં, ‘મહારાજ !! પારસમણિ તો મને મળી ગયો. પરંતુ આપની પાસે એવી તો કઈ વસ્તુ છે જેને મેળવીને તમને આ પારસમણિનું મૂલ્ય તુચ્છ લાગવાથી એને ફેંકી દીધો. એ વસ્તુ મને જોઈએ છે, મને તે આપો...’ સંતે કહ્યું, ‘ભાઈ!! મને તો ધર્મ નામની ચીજ મળી છે, આત્માની દિશાને મેં ઓળખી છે, એટલે આવા સ્થૂળ ધનનો મને મોહ રહ્યો નથી.’

# હડતાળ : વ્યાજબી માગણી માટે બૅન્કોનો ગેરવ્યાજબી રસ્તો

તંત્રીસ્થાનેથી...

સરેરાશ વર્ષમાં બે વખત મળતા સમાચાર ફરી એકવાર મળ્યા છે : બૅન્કોના કર્મચારીઓ મંગળવારે હડતાળ પાડી રહ્યા છે. સરકારનાં એકત્રીકરણનાં પગલાં અને કેટલીક અન્ય માંગોના સમર્થનમાં યુનાઈટેડ ફોરમ ઑફ બૅન્ક યુનિયન્સ (યુઍફબીયુ)ના નેજા હેઠળ આવતી સઘળી બૅન્કોનાં યુનિયન દ્વારા આ હડતાલ જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે યુઍફબીયુ નવ જેટલાં યુનિયનોનું મુખ્યાલય છે, એના નેજા હેઠળ ઑલ ઈન્ડિયા બૅન્ક ઑફિસર્સ કન્ફેડરેશન (એઆઈબીઓસી), ઑલ ઈન્ડિયા બૅન્ક ઍમ્પ્લોઈઝ એસોસિએશન (આઈબીઈએ) અને નૅશનલ ઑર્ગેનાઈઝેશન ઑફ બૅન્ક વર્કર્સ (ઍનઓબીડબલ્યૂ) આવી જાય છે.

અલબત્ત, આ હડતાળની અસર હળવી એટલા માટે લાગશે કે આઈસીઆઈસીઆઈ બૅન્ક, ઍચડીઍફસી બૅન્ક, ઍક્સિસ અને કોટક મહિન્દ્રા બૅન્ક જેવી કેટલીક બૅન્કો પોતાનું કામકાજ રાખે તેવી શક્યતા છે. જો આમ થાય તો ખરેખર એ નાગરિકો માટે અને મંગળવારે જરૂરીપણે બૅન્કના ઉપયોગકર્તાઓ માટે આશીર્વાદ સાબિત થશે. જો કે યુઍફબીયુએ એવો દાવો કર્યો છે કે હડતાળની અસર સૌને પહોંચીને જ રહેશે કારણે તેના સભ્યોની સંખ્યા ૧૦ લાખ જેટલી છે. બૅન્કિંગ ક્ષેત્રના કુલ કારોબારનો ૭૫ ટકા કારોબાર સાર્વજનિક ક્ષેત્રની બૅન્કો દ્વારા કરવામાં આવે છે. એટલે યુઍફબીયુનો દાવો સાચો માનીએ તો ખાનગી બૅન્કો પોતાનું કામકાજ ચાલુ રાખીને પણ પોતાના ગ્રાહકો સાચવવા સિવાય ખાસ કોઈ યોગદાન આ પરિસ્થિતિને હળવી કરવા આપી શકે એવી શક્યતા દેખાતી નથી. વળી જ્યાં અન્ય બૅન્ક સાથે ડિલિંગમાં ક્લિયરિંગનો પ્રશ્ન હશે ત્યાં તો આ બૅન્કો કામ કરી શકવાની જ નથી કેમ કે સામેની બૅન્કનું ક્લિયરિંગ તેને પ્રાપ્ત થવાનું જ નથી. એટલે આ સિવાયની સેવાઓ ખાનગી બૅન્કો પૂરી પાડી શકે છે. યુઍફબીયુનું કહેવું છે કે પોતાના દ્વારા વ્યક્ત કરવામાં આવેલી માગણીઓ પર સમાધાનના અનેક પ્રયાસો વિફળ ગયા પછી તેના દ્વારા હડતાળનો આ નિર્ણય કરવામાં આવ્યો છે.

અલબત્ત, યુઍફબીયુ દ્વારા જે માગણીઓ વ્યક્ત કરવામાં આવી છે તેમાં બે માગણીઓ ધ્યાન ખેંચે એવી છે. પહેલી છે કે જાણીજોઈને લોન ન ચૂકવનારને અપરાધી જાહેર કરવામાં આવે અને ઍનપીએ (નોન પરફોર્મિંગ ઍસેટ)ની વસૂલાત માટે સંસદીય સમિતિની ભલામણોને અમલી બનાવવામાં આવે. નિષ્ણાતોના મતે યુઍફબીયુની આ માગણીમાં દમ છે કારણ કે જાણીજોઈને બૅન્કને લોન પરત નહીં ચૂકવનાર દેશમાં એટલા વધી ગયા છે કે આજે જાહેર ક્ષેત્રની બૅન્કોની ૯૨ હજાર કરોડ જેટલી માતબર રકમ આ કારણે સલવાઈ રહી છે. આમ, સરવાળે ફૉરમ દેશનું ભલું જ કરી રહી છે.

પરંતુ ડિજીટલ ઈન્ડિયાના આ યુગમાં હવે સામાન્યમાં સામાન્ય નાગરિક બૅન્કોને આધિન થઈ ગયો છે ત્યારે બૅન્કો દ્વારા હડતાળ એ અનેક પ્રકારનાં કામોને, વ્યક્તિઓને અનેક પ્રકારની અસરો આપી શકે છે. ડિજીટલ ઈન્ડિયાને લાગુ કરતાં પહેલાં સરકારે બૅન્કો ક્યારેય હડતાલ ન પાડે એ બાબતની તકેદારી લઈ લીધી હોત તો નાગરિકોને બૅન્ક કર્મચારીઓ દ્વારા ઊભી કરવામાં આવતી કટોકટીમાં ફસાવાનો વારો ન આવત. અને બૅન્ક યુનિયન્સ પણ જો સરકાર ઉપર દબાણ ઊભું કરવા માગતા હોય તો તેમણે એ માટે સામાન્ય નાગરિકોને હાથો ન બનાવવા જોઈએ એ પણ એટલી જ જરૂરી વાત છે.

# માત્ર નસીબદાર જૂથે માસ્ટર-કી નો ઉપયોગ કર્યો



અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

“અરે, આ તો વીતેલી તારીખનું અખબાર છે.” એક બહેન બોલ્યા.

“જૂનું અખબાર શા માટે વાંચવા આપ્યું હશે.” બીજાએ કહયું.

“જૂનું છાપું તો પસ્તી કહેવાય.” પાછળથી કોઈક બોલ્યું.

સેમિનાર હોલ ચિક્કાર ભરેલો હતો. આજે સેમિનારમાં નોબેલપ્રાઈઝ વિજેતા આવવાના હતા. સૌ જિજ્ઞાસા અને કૂતુહલવશ રાહ જોઈ રહયા હતા અને સાહેબ આવ્યા.

સેમિનારમાં હાજર વ્યકિતઓના બે જૂથ પાડી દેવામાં આવ્યાં. એક એવું જૂથ કે જેઓ પોતાની જાતને નસીબદાર ગણે છે અને બીજુ જૂથ કે જે પોતાની જાતને હંમેશા કમનસીબ સમજે છે.સેમિનારમાં હાજરી આપનારાઓમાં બિઝનેશમેન, શિક્ષકો, ફેકટરી કારીગરો, સેલ્સમેન, સેક્રેટરીઝ, ડૉકટર્સ વગેરેનો સમાવેશ થતો હતો.

“ચાલો દરેક જણ આ અખબારની એક એક કોપી લઈ લો.” સરે સૌને આદેશ કર્યો.

“પણ આ અખબારનું કરવાનું શું ?” એકે કહયું.

“અરે, આ તો જૂની તારીખનું અખબાર છે.”

“આ છાપું કોઈએ વાંચવાનું નથી.” સરે સ્પષ્ટતા કરી અને ઉમેર્યું કે, “બસ એક કામ કરવાનું છે.અખબારમાં જેટલી તસવીરો આપી છે તે ગણીને કહેવાની છે.” સરે સૌને આદેશ કર્યો. “ઓહ... આટલું સહેલું !” એક બિઝનેશમેન બોલી ઉઠયો. એક જૂથ પોતાને નસીબદાર ગણે છે અને બીજુ જૂથ પોતાને હંમેશા કમનસીબ સમજે છે.

પોતાની જાતને કમનસીબ સમજનારું જૂથ તસવીરો ગણવા માંડયું. કમનસીબ જૂથમાંના સભ્યોએ તસવીરો ગણવામાં આશરે બે મિનિટ જેટલો સમય લગાડયો, જયારે નસીબદાર જૂથના સભ્યોએ આ કામ થોડીક સેકન્ડોમાં જ પૂરું કરી લીધું. નસીબદારોનુ જૂથ વિજેતા બન્યું હતુ.બન્ને જૂથ વચ્ચે આ તફાવતનું કારણ શું હતું ?

સરે ,એક ચાવી બધાને આપી રાખી હતી પરંતુ એક જ જૂથ એ માસ્ટર કી નો ઉપયોગ કરી શક્યું. અખબારના બીજા પાને અડધા પાનાની જાહેરખબર સ્વરૂપે એક સંદેશ મૂકવામાં આવ્યો હતો, જેમાં લખ્યું હતું કે, “ગણવાનું છોડી દો, આ અખબારમાં પિસ્તાલીસ તસવીરો છે.” આ સંદેશ બધાને માટે, બધાને દેખાય એ રીતે મૂકાયો હતો. પણ પોતાની જાતને કમનસીબ ગણનારા જૂથમાંના લોકો ગણતરી પૂરી કરવામાં એટલા વ્યગ્ર અને વ્યસ્ત હતા કે સામે ચાલીને આવેલી આ તક તેમની નજરે ચડી નહીં.

બીજી તરફ, નસીબદાર જૂથે આ કામને ઓછામાં ઓછી ચિંતા, મહત્તમ આશાવાદ તથા ખૂબજ શાંત ચિત્તે હાથ ધર્યું. હળવાશભર્યા અભિગમને કારણે આ જૂથને સહજપણે આ જાહેરખબર દેખાઈ. તેઓ સેકન્ડોમાં જાહેરખબર વાંચીને તુરંત જવાબ આપી શકયા.

નસીબદાર લોકો તેમને મળેલી તકોને કારણે નહીં, પણ તેમની વૃત્તિ અને અભિગમને કારણે નસીબદાર હોય છે. અભિગમ એટલે એકાદ પરિસ્થિતિ, કોઈક પડકાર અથવા કામનો સામનો કરવાની ચોકકસ રીત. અભિગમ પર આપણા શિક્ષણ, કામના અનુભવ, પ્રશિક્ષણ તથા કૌશલ્યનો પ્રભાવ રહેતો હોવાનું વલણ જોવા મળતું હોય છે.

તક આવે છે ત્યારે નહિ પરંતુ જાય છે ત્યારે મોટી અને મહત્ત્વની લાગે છે. તકની રાહ જોવા કરતાં તક ઊભી કરવામાં સમજદારી છે. આ જગતમાં તકને ઓળખી શકનારા લોકોની ગણના નસીબદારોમાં થતી હોય છે.આપણી જાતને નસીબદાર કે કમનસીબ બનાવવા માટે આપણે જે કંઈ કરીએ છીએ તેમાંની મોટાભાગની બાબતોનો સંબંધ વૃત્તિ અને અભિગમ સાથે હોય છે. હકારાત્મક અભિગમ અને સદ્‌વૃત્તિના ચાહકો જ જીવનસંગ્રામમાં કાંઈક કાઠું કાઢી શકતાં હોય છે.હાસ્ય કલાકાર મિલ્ટન બર્લેએ એકવાર કહયું હતું, “તક જો તમારો દરવાજો ખખડાવે નહીં, તો એક નવો દરવાજો જ બનાવી લો !” સારી વૃત્તિ એ સારા સંસ્કારનું પ્રતીક છે. રચનાત્મક અભિગમ માસ્ટર-કી શોધવામાં મદદરૂપ બનતો હોય છે.

મિસરી :

એ સમયની વાત છે કે ના થયા અમારા તમે બાકી આ દુનિયામાં ઘણુંય ન થવાનું થાય છે.

(ડૉ. અસદ સૈયદ)

- santoshdevkar03@gmail.com

# આપણે છોકરાને બાર્બીડોલ અને છોકરીને એવેન્જર્સ ગમાડતા શીખવવાનું છે...



વિચારયાત્રા
ડો. જય ઓઝા

**મર્દાને મર્દ ઔર ઔરતાની ઔરતોં ને**
**સારા ખેલ ખરાબ કર દિયા,**
**લાજિમ યહ હૈ કિ હર ઔરત જરા મર્દ**
**ઔર હર મર્દ જરા નારી હો...**

કવિશ્રી ‘દિનકર’ની ઉપરોક્ત પંક્તિ હરિવંશરાય બચ્ચનજીની ‘નીડ કા નિર્માણ ફીર’ વાંચતી વખરે નજરે ચડી...

કેટલી યથોચિત પંક્તિ છે...! આ પંક્તિ વાંચીને મને ‘મૂછાળી મા’ તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકા યાદ આવી ગયા...

દરેક સ્ત્રી અને પુરુષમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ સહજ ગુણો ઈશ્વરદત્ત છે... પરંતુ અહીં અલગ દૃષ્ટિકોણ લેવાનો છે...

પુરુષ માત્ર કઠોર ન બની રહેતા એક માની જેમ કરૂણા પણ દર્શાવી શકે તો કેવું સરસ ! અને સ્ત્રી માત્ર કરુણામૂર્તિ ન બની રહેતા લોખંડી માનસ ધરાવતી મક્કમ બની રહે તો કેવી સોનામાં સુગંધ ભળે!

દુનિયાના મોટા મોટા વૈજ્ઞાનિક અને દૃષ્ટા આજે તે નારીને પૂર્ણ પૂર્ણ અથવા આદર્શ નારી માને છે, જેનામાં કોઈ પુરુષત્વ હોય. પુરુષ પણ વિરુદ્ધ પુરુષ ઈચ્છનીય નથી, તેનામાં થોડું નારીત્વ હોવું તે પુરુષને વધુ ગ્રાહ્ય અને સ્વીકાર્ય બનાવે.

વાત ખૂબ જ સરળ છે, પરંતુ સરળ વસ્તુ આપણને ઝટ સમજાતી નથી... કાયમ આપણે સાંભળતા આવ્યા છીએ કે સ્ત્રીની આંખો એટલે શ્રાવણ-ભાદરવો... કાંઈક થયું નથી ને પલપળીયા પાડવા લાગશે ! અને પુરુ, એટલે ખડક જેવી અફાટ અકળ સ્થિરતા...

ઉપરની બંને સ્થિતિ સમાજ માટે પરિવાર માટે યોગ્ય નથી... એ પુરુષની હાલત દયનીય છે, જે પ્રસંગોપાત મુક્તપણે રડી નથી શકતો... રડવું... એ નિર્બળતાની નિશાની બિલકુલ નથી... રડવું એ અભિવ્યક્તિ છે... અને સુખ અથવા દુ:ખની ચરમસીમા આવે ત્યારે આંખોમાંથી અશ્રુ બહાર નીકળવા જ જોઈએ...

આનાથી વિપરીત અકારણ નાની-નાની વાતમાં પરિસ્થિતિનો સામનો કરવાની બદલે રુદનને જ શસ્ત્ર બનાવનારી સ્ત્રી કયારેય સબળા કયાંથી બની શકે ! સામાન્ય રીતે કોઈ એવા ઘરમાં કે જયાં બે-ત્રણ દીકરીના જન્મ પછી દીકરાની એષણા માતા-પિતામાં રહી ગઈ હોય તેવા ઘરોમાં મોટી બહેન કે એ ઘરની દીકરી હંમેશા પોતાના મા-બાપનો દીકરો બનવાની મથામણ કરતી હોય છે... અથવા અનાયાસ! માતા-અથવા પિતાનું નાની ઉંમરમાં મૃત્યુ થઈ ગયું હોય તે દીકરી ઘરની જવાબદારી વહન કરતા કરતા પૌરુષત્વના ઘણા મોરચાઓને સિદ્ધ કરતી હોય છે...

અને આનાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિ જયાં ત્રણ બહેનો પછી વીરલો જન્મ્યો હોય તે વીરલો માતા-પિતા બહેનોના હાથમાં પંપાળતા-પંપાળતા મોટો થાય ત્યારે પૌરુષ સહજ હાડમારી, કઠોરતા તેનામાં આવતી નથી, માટે તે સ્હેજ સ્ત્રૈણ જ બની રહે છે... હંમેશા બે કદમ પાછળ જ ચાલતા તેનો સહજ વિકાસ થતો નથી...

વાચકમિત્રો રખે ને આ આખા મુદ્દાને શારીરિક ઢાંચા કે એના કોઈ ભળતા અર્થમાં વણી લેતા... આમા તો માત્ર એ જ વાતનો પરિનિવેષ આદરવાનો યત્ન કર્યો છે અને તે પુરુષ માત્રમાં માત્ર જડતા ન હોવાની અપેક્ષા જો ઋજુ ભાવનાઓ પણ સંચરિત થતી હોય સંસારના ઘણા બધા દુષ્પરિણામ આવતા અટકી જાય...

એક એવી સ્ત્રી જે પુરુષપ્રધાન સમાજમાં માત્ર પુરુષ સમોવડી બનવાની ખેવના ધરાવતી હોય તે અપેક્ષિત નથી જવાબદારી, અડગ નિર્મયશક્તિ, એકલા હાથે નિર્દયી સમાજ સામે ઊભા રહેવાની હામ ભીડનારી નારાયણી હોવી જોઈએ. અમુક પ્રકારના સંજોગો પરિસ્થિતિઓ અને પારિવારિક મુશ્કેલીઓના કારણે સ્ત્રી ઘરની બહાર નીકળીને જે રીતે લડત લડે છે, તે જ સ્ત્રીને કઠોર પાકટ બનાવે છે...

ખબર નહીં કેમ પણ એવું સામાન્ય રીતે જોવા મળ્યું કે સ્ત્રી જો હાડમારી વેઠીને પુરુષસહજ કટોરતા ધારણ કરીને આગળ વધતી હોય તો, તે પ્રશંસાને પ્રાપ્ત કરે છે... Faminist movement એવોર્ડ આપીને નવાજે છે... પરંતુ પુરુષના સ્ત્રી સહજ કોમળતા કે ઋજુતાને પ્રશંસવામાં નથી આવતી... વગોવવામાં આવે છે... અને કદાચ આ જ કારણે ખુદ પુરુષ પણ કોમળતા, મમતા, ઋજુતા જેવા તત્વો ધરાવતા હોવા છતાં દર્શાવતો નથી... ખચકાય છે... શરમાય છે કે રખે ને કોઈ તેની આ વિશુદ્ધ ભાવના વેવલાવેડામાં ખપાવી દે! જરા વિચારી જુઓ આપણા સમાજમાં સ્ત્રીઓ પર થતા અત્યાચાર-બળાત્કાર, દહેજ, છેડતી, તેમનું એક્સપ્લોઈટેશન - આ બધા પ્રશ્નો હલ થઈ જાય જો પુરુષો સ્ત્રીસહજ થોડીક કોમળતા અનુભવે...

સંયુક્ત પરિવારમાં ઉછરવાના કારણે ફાયદો એ થયો કે બહેનોને રમતમાં કેમ જીતાડવી... હાથે કરીને કેમ હારી જવું.... કે જેથી બહેનમાં આત્મવિશ્વાસ આવે અને આગળ જતા એ જ રમતમાં એ ખરેખર અમને પોતાના સ્વબળે હરાવી જાય... તેવી શકયતા સુધી પહોંચી જાય.

આ જ સંસ્કાર લઈને કૉલેજમાં ગયા ત્યારે કોઈ પણ છોકરીને ખરાબ નજરથી જોવાની વાતો તો દૂર તેવો વિચાર સુધ્ધા મગજમાં ન આવ્યો... કારણ કે બહેનો વચ્ચે તેમની અભિવ્યક્તિઓને તેમની સાતે એક ઋજુતા અને સ્ત્રીત્વનું સન્માન કરવાની નાનપણથી આરોપાયું હતું...


આપણે આપણા બાળકોને નાનપણથી જ એવું શિક્ષણ આપવું પડશે કે સ્ત્રીનો જોવાનો દૃષ્ટિકોણ માત્ર ભોગ કે સાધન પૂરતો મર્યાદિત ન રહે... છોકરાને નાનપણથી જ સ્ત્રીની જે સ્ત્રીત્વ/સ્ત્રૈણ આદતો છે, તેને વિશિષ્ટતાની રુપે સમજાવવી.

સાવ સરળ ઉદાહરણ છે કે છોકરી સેન્સીટીવ અને ઈમોશનલ મૂવી જોઈને રડતી હશે... અને છોકરાઓને તો સિંઘમ જ બતાવવામાં આવશે... એવેન્જર્સ તો માત્ર છોકરાઓ માટે જ અને એલિસ ઈન વન્ડરલેન્ડ કે સિન્ડ્રેલા માત્ર છોકરીઓ માટે... સા માટે આપણે પોતે આવા વિભાગો પાડી દીધા છે?

સિન્ડ્રેલા કે એલિસના પાત્રની કોમળતા ભલે ને છોકરાઓ પણ માણતા અને જાણતા... અને એવેન્જર્સના એકશનને તેમની તલવારથી ભલે ને છોકરીઓ રમતી... શું આપણો આવો બદલાવ લાવી શકીશું... Thik over It...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# નસીબદાર હોય છે, જેમની મિત્રતા દાયકાઓ સુધી ટકે છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

‘આનાથી ઉત્તમ દોસ્તીનો આનંદ બીજો કયો હોઈ શકે ?’ ભૈરવે કહ્યું.

‘સમજયો નહિ,’

હજુ હમણાં જ ૩ ઓગસ્ટે અમદાવાદમાં દાયકાઓ જુના મિત્ર સી.બી.પટેલે પ્રેમપૂર્વક ઓઢાડેલી શાલ ઓઢીને મારા પપ્પા ૧૫ ઓગસ્ટને જન્માષ્ટમીના દિવસે સ્મશાનમાં અંતિમ યાત્રા રૂપે ગયા.’

આખી વાતને સમજવા ૧૯૩૦ના દાયકા સુધી જવું પડે... બોરસદ તાલુકાના ગામ આસોદરમાં સત્યેન્દ્રભાઈ પટેલ અને કાન્તાબેન પટેલના પરિવારમાં ત્રણ દીકરાઓ પછી પહેલા દીકરાનો જન્મ થયો. ૯.૧૨.૧૯૩૪ના રોજ. નામ રાખ્યું રાજેન્દ્ર... બાળપણ આસોદરમાં વીત્યું અને પછી વડોદરામાં આવ્યા. સત્યેન્દ્રભાઈને અહીં મફતલાલ ગ્રુપની એજન્સી હતી, અમદાવાદી પોળ, કડવા શેરીમાં રહેતા હતા, ત્યાં સામેના પરિવારમાં રહેતા બાબુભાઈ પટેલના દીકરા ચંદ્રકાન્ત સાથે રાજેન્દ્રની ગોઠડી જામી ગઈ. સવારથી મોડી રાત સુદી ભણે-ગણે ને જમે - મજા કરે.... એ જમાનામાં અતિ લોકપ્રિય રેડિયો કાર્યક્રમ ‘બીનાકા ગીતમાલા’ રાજેન્દ્રના ઘરે બેસીને સાથે સાંભળે. ન્યુ એરા સ્કૂલમાં અને પછીથી એમ.એસ. યુનિમાં સ્ટેટેટીક્સ સાથે એમ.એસ.સી. યુવાન રાજેન્દ્રએ.

સૂરસાગર તળાવમાં મિત્રો સાથે તરવાની ખુબ મોજ માણે... સમય જતાં ૬ ફેબ્રુઆરી, ૧૯૬૦ના રોજ લગ્ન થયા અમદાવાદના આર.બી. મહેતા અને હરિગંગાબેન મહેતાની દીકરી જયશ્રી સાથે. વડોદરાથી અમદાવાદ જાન સાજન-માજન સાથે આવી ત્યારે મિત્ર સી.બી. પટેલ રાજેન્દ્રના અણવરની ભૂમિકા ભજવી હતી.

એપ્લોયમેન્ટ એક્સચેન્જ, ગુજરાત યુનિ. અને પછીથી સેલ્સટેક્સમાં રાજેન્દ્રભાઈએ નોકરી કરી. ૧૯૯૩માં અમદાવાદમાં જ નિવૃત્ત થયા. ગીરધરનગર, સમસ્ત બ્રહ્મક્ષત્રીય સોસાયટી, પાલડીને સોસાયટી આંબાવાડીમાં નિવાસ બાદ ૧૯૭૨માં આઝાદ સોસાયટી, અમદાવાદમાં સ્થાયી થઈને રહ્યા.

રાજેન્દ્રભાઈને ગમતા વિષયો કયાં? પ્રશ્નના જવાબમાં જયશ્રીબેન કહે છે ‘છોકરાઓને મેથ્સ ભણાવવાનું બહુ ગમતું, ઘરમાં જ કલાસ શરુ કર્યો હતો, ૨૦૦૫ સુધી ભણાવ્યું, રેડિયો પર વાગતા ગીતો રેકોર્ડ કરવા ગમે, ને મૌલીન કે જગદીપ જેવા પારિવારિક સ્વજનોના લગ્ન સમયે ચાંદલો લખવા પણ એ જ બેસે, શાક લેવા જવું, ખાવું ને ખવડાવવું એમના શોખ હતા.’

દીકરો ભૈરવ પપ્પા સાથેના સંસ્મરણો યાદ કરતા કહે છે, ‘અત્યંત આગ્રહી હતા શિસ્તપાલનના, લકઝરી નહિ, વાસ્તવિકતાને સ્વીકારતા, આખી જિંદગી સહુને વાત્સલ્ય ને પ્રેમ એમણે આપ્યા છે.’

ભૈરવ અમદાવાદમાં એ.જી. ટીચર્સમાં એચ.એલ. કૉલેજમાં ને કડી ગામની કૉલેજમાં ભણ્યો. બેન્કીંગ ક્ષેત્રે આજે એ કામ કરી રહ્યુ છે ને વધુ સ્મરણો યાદ કરતો જાય છે.

રાજેન્દ્રભાઈને સિનેમા જોવાનો બહુ શોખ, એમને સુનિલ દત્ત ગમે ને દીકરાને સંજય દત્ત, કયારેક તો મમ્મીને કીધા વિના જ બાપ-દીકરો સિનેમા જોઈ આવ્યાનું સ્મરણ ભૈરવને છે.

૨૦૦૫માં ચીકનગુનિયા રોગ સાથે રાજેન્દ્રભાઈને શરીરમાં બિમારી આવી. પાર્કીસન્સના રોગને લીધે ડાબો પગ અને ગળાનો ભાગ નુકશાન પામ્યા. ભાવનગરના આયુર્વેદિક નિષ્ણાંત અશોક શેઠ ઉપરાંત એલોપથીના ડૉકટરોની સારવાર ચાલુ રહી.

૨૦૧૨માં દીકરા ભૈરવના લગ્ન થયા ભૈરવી સાથે જે ઈન્ટિરિયર ડિઝાઈનર છે. ભૈરવે પિતાજીના મનમાં આવે તે ઈચ્છાઓ પુરી કરવા નમ્ર પ્રયાસ કર્યો. જયાં જવાનું મન થાય ત્યાં એ આજના યુગના શ્રવણની જેમ વ્હીલચેરમાં પિતાજીને લઈ જાય. અંબાજી - ડાકોર- સોમનાથ - શામળાજી - માલસર - સાસણ - અને એક દિવસ પ્લેનમાં મુંબઈ શહેર લઈ જઈને મહાલક્ષ્મી મંદિરને સિદ્ધિ વિનાયકના દર્શન કરાવી ક્રી સેન્ટર કોફી હાઉસમાં પણ લઈ ગયો.

બાળપણના મિત્ર સી.બી. પટેલ લંડનથી જેટલીવાર ભારત જાય તેટલીવાર ફોનથી અથવા રૂબરૂ સંપર્ક કરે મિત્ર રાજેન્દ્રનો. એકવાર તો પ્રસિદ્ધ ગાયિકા માટા દીપકને સાથે લઈ ગયા ને રાજેન્દ્ર ભાઈને માયા બહેન ગીતો સંભળાવ્યા. તારીખ ૩ ઓગસ્ટે સી.બી. પટેલ દ્વારા આયોજિત પારિવારિક મિલન સમારોહમાં રાજેન્દ્રભાઈ ખાસ આવ્યા - છેક સુધી રહ્યાને ગયા ત્યાં સુધી સી.બી.એ એમની વ્હીલચેર દોરી હતી એ દૃશ્ય હજીયે આંખો સામે જીવંત છે, બે મિત્રોની એ મિત્રતાના કાયમી સ્મરણ રુપે.

આખીયે ઘટનામાં બે વાતો ઊડીને આંખે વળગે છે, એક તે છ દાયકા સુધી અકબંધ સચવાયેલી દોસ્તી અને બીજી એ એકાદ દાયકા સુધી પુત્રએ લીધેલી પિતાની પ્રેમાળ સંભાળ.

બાળપણના - યુવાનીના - ધંધા વ્યવસાયના - પડોશના એમ અનેક પ્રકારના મિત્રો આપણા જીવનમાં આપણને મળે છે ને સમય-સંજોગ પ્રમાણે વિખૂટા પણ પડે છે. નસીબદાર હોય છે જેમની મિત્રતા દાયકાઓ સુધી ટકે છે. સાતત્યપૂર્ણ મૈત્રી સચવાય અને જીવાય ત્યારે એ નિભાવનારને અનહદ આનંદ હોય છે.

એ પ્રમાણે અતિવ્યસ્તતા - કામનું ભારણ ને દોડદામ વચ્ચે પણ જયારે દીકરો બિમાર પિતાનો પડ્યો બોલ ઝીલે, પુત્રવધુ એમાં સાથે આપે ને પિતાના રાજીપા માટે સતત પ્રયાસ કરે એ દૃશ્ય પણ આજના સમાજજીવનમાં આનંદ આપનારા બની રહે છે. સમાજ જીવનમાં મિત્રતાના અને પિતૃ પ્રેમના આવા દીવડા ઝળહળતા રહે છે અને નિ:શ્વાર્થ પ્રેમના અજવાળા રેલાય છે.

●●●

‘બેટા, યુવાન થયા છો ત્યારે બહુ કાંઈ કહેવું નથી, સારાસારનો વિવેક સાચવજે.’

(દીકરા ભૈરવને રાજેન્દ્રભાઈએ આપેલી શીખ)